# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધો : ઉપસચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૮-૧-૧૯૯૮ ના ઠરાવ ક્રમાંકઃ લખસ-૧૦૮૮-યુઓ-૧૪૪-ડ.૨ જે નિયામકશ્રી, ખરીદ અને મિલ્કત, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગરના શેરા ક્રમાંક : ગુકૃયુ/ડીપીઇ/ઇ.૨/૮૦૬૭-૭૨, તા.૧૭-૨-૧૯૯૮

## પરિપત્ર

ઉપરોક્ત વંચાણે લીધેલ સરકારશ્રીના ઠરાવ અનુસંધાને આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વર્ષઃ૨૦૧૮-૧૯ માટે અધિકારી/કર્મચારીઓને મળવાપાત્ર બોલપેન/રીફીલની ખરીદી સંબંધિત વિભાગો દ્વારા તેઓના બજેટ સદર હેઠળ ફાળવેલ ગ્રાન્ટમાંથી યુનિવર્સિટીના ખરીદીના નીતિ-નિયમોને આધિન સક્ષમ અધિકારીની મંજૂરી મેળવીને નીચેની વિગતે પૂરી પાડવા જણાવવામાં આવે છે.

### પત્રક

| ક્રમ | કર્મચારી/અધિકારીઓના પ્રકાર | બોલપેનનું ધોરણ (રૂા.) | રીફીલનું ધોરણ |
|---|---|---|---|
| ૧ | કારકુન-મદદનીશ જેવા કર્મચારીઓ કે જેઓને સરકારી કામકાજ માટે લખવાની જરૂર વધારે રહે તેમના માટે | રૂા. ૨૫/- સુધીની કિંમતની મર્યાદામાં દર વર્ષે એક બોલપેન | દર બે માસે ૧-નંગ લેખે વર્ષે કુલ-૬ રીફીલ |
| ૨ | જેઓને સરકારી કામકાજ માટે લખવાની જરૂર વધુ ન પડતી હોય તેવા કર્મચારીઓ | રૂા. ૨૫/- સુધીની કિંમતની મર્યાદામાં દર વર્ષે એક બોલપેન | દર ચાર માસે ૧-નંગ લેખે વર્ષે કુલ-૩ રીફીલ |
| 3 | રાજ્યપત્રિત અધિકારીઓ માટે | રૂા. ૪૫/- સુધીની કિંમતની મર્યાદામાં દર વર્ષે એક બોલપેન | દર ત્રણ માસે ૧-નંગ લેખે વર્ષે કુલ-૪ રીફીલ |

**નં. આકૃયુ/રજિ/એડીએમ/એ.૩.૪/** 286-300 **/૧૯**
**તા.** 8 **-૦૧-૨૦૧૯**

કુલસચિવ

**નકલ સવિનય રવાનાઃ-**

૧. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવ, આકૃયુ, આણંદ તરફ.
૨. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ કચેરીઓ તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.
3. નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, આકૃયુ, આણંદ તરફ એએયુની વેબસાઇટ પર મૂકવા સારૂ.

**નોંધઃ** અવેજી સેવા હેઠળના કર્મચારીઓને તેઓની ફરજ પરની કચેરી ખાતેથી બોલપેન-રીફીલ ફાળવવાની રહેશે.

F:\ADM.-18\Adm.3.4\Paripatra.doc